**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૫/૦૧/૨૦૧૬ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી ૨૯ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૮,૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૭/૧૬**

**રામોલ :** સમસુદ્દીન મહંમદઅલી મલીમીયા અન્સારી (ઉ.વ.૫૫)(રહે.અહેમદ હુસેનની ચાલી, પાણીની ટાંકી સામે, બ્રીજ નજીક દુધેશ્વર) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૧/૧૬ સવારનાં ૬/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના દિકરા એજાજ સમસુદ્દીન મહંમદઅલી અન્સારી (ઉ.વ.૩૦) ને તેનાં ધંધાનાં ભાગીદાર આરોપી સમશેર ઉર્ફે શેરૂ વઝીર મંસુરી નાએ પૈસાની લેવડ-દેવડ બાબતે ઝઘડો કરી, એજાજને માથાનાં ભાગે અને કાનનાં પાછળનાં ભાગે કોઇ બોથડ પદાર્થ વડે ઇજા કરી તેનું મૃત્યુ નિપજાવ્યુ છે.

ઉપરોકત ગુનાના કામે રામોલ પોલીસે આરોપી સમશેરઆલમ ઉર્ફે શેરૂ વજીરમહંમદ મન્સુરી (ઉ.વ.૩૬)(રહે.સાહેલપાર્ક સોસાયટી, જનતાનગર તલાવડી સામે, ગેસ ગોડાઉનની બાજુમાં, રામોલ રોડ) નાને તા.૧૪/૧/૧૬ બપોરનાં ૩/૩૦ વાગે પકડી અટક કરેલ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.આઇ.સોલંકી ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૮/૧૬**

**શાહીબાગ :** શાહીબાગ વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષની યુવતીનાં પિતાએ તા.૧૪/૧/૧૬ નારોજ શાહિબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી અગાઉનાં ચાર વર્ષ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી વિજયભાઇ બાબુભાઇ પરમાર (રહે.ન્યુ લક્ષ્મીનગર, ઘોડાકેમ્પ રોડ, શાહીબાગ) નાએ લગ્ન કરવાની લાલચ આપી, અવાર-નવાર અલગ-અલગ સ્થળોએ યુવતીને લઇ જઇ, તેની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધતા, યુવતી ગર્ભવતી થતાં તા.૧૩/૯/૧૫ નારોજ યુવતીએ (બાબા) ને જન્મ આપ્યો હતો. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી પી.કે.ખાંટ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ધાબા ઉપરથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૯/૧૬</u>**

**સાબરમતી :** ગંગારામ કાલુરામ અજોરીયા (ઉવ.૫૧)(રહે.ન્યુ રેલવે કોલોની, કાળીગામ સાબરમતી) તા.૧૪/૦૧/૧૬ બપોરના ૨/30 વાગ્યાના સુમારે પતંગ પકડવા જતાં, અકસ્માતે પોતાના ફ્લેટનાં ત્રીજા માળેથી નીચે પટકાતાં, સારવાર માટે તેમને રેલવે હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રસીકભાઇ વિઠ્ઠલભાઇ ચલાવે છે.

**<u>કરંટ લાગતાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૦/૧૬</u>**

**માધવપુરા :** યાસીન તહેસીનભાઇ અક્કે (ઉ.વ.૧૬)(રહે.ગામ, મવાઇ મજાર પાસે, તા.જી.સંભલ ઉત્તરપ્રદેશ) તા.૧૪/૦૧/૧૬ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પતંગ ચગાવવા સારૂ, શર્મા એસ્ટેટ બીજા માળે આવેલ વિક્રમભાઇ પ્રજાપતિની દુકાન નંબર-૨ ખાતે આવેલ. જ્યાં અગાસી ઉપર આવેલ બાથરૂમમાં ન્હાવા જતાં, ઇલેક્ટ્રીક બલ્બનો વાયર અડી જતાં, કરંટ લાગતાં તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમસિંહ ચંદ્રસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)